RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 313* Date: 10.09.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### દેશ પર આવનારા સમયમાં યુદ્ધ જેવી સ્થિતિને પહોંચી વળવા

# કેન્દ્ર સરકાર દ્વારા હાઈવે પર એર સ્ટ્રિપ્સની તૈયારી

નવી દિલ્હી , તા.૦૯

યુદ્ધ દરમિયાન દુશ્મન દેશ હંમેશા દેશના મહત્વપૂર્ણ એરબેઝને ટાર્ગેટ કરી તેમને તબાહ કરવા પ્રયત્ન કરે છે જેથી તે દેશના ફાઈટર જેટ લેન્ડ અને ટેકઓફ ન કરી શકે. એરબેઝ તબાહ થઈ જાય ત્યારે એરફોર્સ માટે હાઈવે પર બનેલા રનવે વિકલ્પ તરીકે કામ આપે છે. દેશમાં હોનારત સમયે ઈમરજન્સી રેસ્ક્યુ દરમિયાન હાઈવે એર સ્ટ્રિપનો ઉપયોગ થઈ શકે છે.ઈમરજન્સીની સ્થિતિમાં અથવા પછી રેસ્ક્યુ કે રાહત પહોંચાડવાના ઉદ્દેશ્યથી નેશનલ હાઈવેને લેન્ડિંગ એર સ્ટ્રિપમાં બદલવા માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ તમામ એર સ્ટ્રિપ્સની લંબાઈ અને ડિઝાઈન એ હિસાબથી કરવામાં આવ્યા છે જેથી મોટા મોટા ફાઈટર એરક્રાફ્ટથી લઈને વિમાન પણ ઉતારી શકાય. માર્ગ પરિવહન મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ફ્લાઈટ લેન્ડ કરતી વખતે હાઈવેને બંને બાજુથી બંધ કરવાથી લઈને જરૂરી સેફ્ટી પ્રોટોકોલનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે જેથી પરિવહનને અડચણ ન આવે. નેશનલ હાઈવે પર બનાવવામાં આવેલી આવી બે એર સ્ટ્રિપ્સ આંધ્ર પ્રદેશમાં બનીને તૈયાર થઈ ગઈ છે તથા પશ્ચિમ બંગાળ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં હાઈવે પર વધુ એક-એક એર સ્ટ્રિપ્સ બનાવવામાં આવી રહી છે. નેશનલ હાઈવે પર આવી ૪ એર સ્ટ્રિપ્સ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ અમુક માટે ટેન્ડર બહાર પાડી દેવાયા છે જ્યારે અમુક માટે જમીન અધિગ્રહણ કરવા યોજના ચાલુ છે. બનિહાલ-શ્રીનગર માર્ગ પર અવંતિપુરા પાસે કામ ચાલી રહ્યું છે. જમ્મુ-ઉધમપુર માર્ગમાં સાઈટ વિઝિટ થશે. સંગરૂર જિલ્લામાં એનએચ ૭૧ પર દોગલ દિરવા ગામ પાસે સાઈટ વિઝિટ થશે. હરિયાણામાં સિરસા માર્ગમાં ડબબલી પાસે એક મહિનાની અંદર ટેન્ડર થઈ જશે. હિસારમાં કલ્પના ચાવલા મેડિકલ કોલેજ પાસે એક મહિનામાં ટેન્ડર થઈ જશે. મુરાદાબાદ પાસે એનએચ ૨૪માં સાઈટ વિઝિટ થશે. તે સિવાય લખનૌ-રાયબરેલી વચ્ચે અને અયોધ્યા પાસે એનએચ ૨૭માં સાઈટ વિઝિટ થશે. ફલૌદી-જેસલમેર અને બાડમેર-જેસલમેર માર્ગમાં સ્પોટ ફાઈનલ થઈ ગયા છે. ટેન્ડર થવાનું છે. જ્યારે ગંધો-બકાસર માર્ગમાં નિર્માણ કાર્ય ચાલુ છે. રાજકોટના દતરાના પાસે નિર્માણનું ટેન્ડર થઈ ગયું છે. દ્વારકા-માલ્યામાં વર્ક ઓર્ડર થઈ ગયો છે. જમીન અધિગ્રહણ ન થયું હોવાથી કામ નથી થઈ રહ્યું. ભુજ-અંજાર માર્ગમાં સાઈટ વિઝિટ થશે. સુરત-મુંબઈ માર્ગ પર સાઈટ વિઝિટ થશે. નેલ્લોર પાસે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. વિજયવાડા-અંગોરમાં નિર્માણ કાર્ય ચાલુ છે. રાજમૂંદરી-વિજયવાડા માર્ગમાં સાઈટ વિઝિટ થશે. પુડુચેરીમાં ટેન્ડર થઈ ગયું છે. જમીન અધિગ્રહણ ન કરવા દીધું. મદુરાઈ માર્ગમાં સાઈટ વિઝિટ થશે. બાલાસૂર-ખડગપુરમાં કામ ચાલી રહ્યું છે. ડિગના પાસે સાઈટ વિઝિટ થશે. ઈસ્લામપુર-કિશનગંજ પાસે સાઈટ વિઝિટ થશે. જોરહાટમાં



શિવસાગર પાસે પસંદગી થઈ ગઈ છે. ટેન્ડર થશે. બરકાઘાટ પાસે લોકેશન ફાઈનલ છે, ટેન્ડર થશે. નૌગાંવ સેનભોગ માર્ગ એનએચ ૨૭નું ટેન્ડર થશે. ખગડપુર-કંજાવર માર્ગમાં સાઈટ વિઝિટ થશે. દેશ પર આવનારા સમયમાં યુદ્ધ જેવી સ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા આગોત્તરી તૈયારીઓ થઈ રહી છે. જે આધુનિક, વિકાસશીલ અને દેશની પ્રજાને ઉપયોગી, સુરક્ષામાં વધારો કરનારી હશે.

## ટૂંક સમયમાં આઠ લાખ ડોઝ રાજ્યોને આપવામાં આવશે : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય

નવી દિલ્હી , તા.૦૯

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૬૯ લોકોના મોત થયા છે. જે પૈકી ૧૮૯ મોત કેરળમાં અને ૮૬ મોત મહારાષ્ટ્રમાં થયા છે. અત્યાર સુધીમાં દેશમાં કોરોનાને કારણે કુલ ૪,૪૧,૪૧૧ લોકોનાં મોત થયા છે. જે પૈકી સૌથી વધુ ૧,૩૭,૮૯૭ મોત મહારાષ્ટ્રમાં થયા છે. દેશમાં કોરોના વેક્સિનના અપાયેલા ડોઝની સંખ્યા ૭૦.૭૫ કરોડ થઈ ગઈ છે. આ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે અત્યાર સુધી રાજ્યોને કોરોના વેક્સિનના ૭૦.૩૧ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. ટૂંક સમયમાં આઠ લાખ ડોઝ રાજ્યોને આપવામાં આવશે.ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૭,૮૭૫ નવા કેસો નોંધવામાં આવ્યા છ.

આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૩,૩૦,૯૬,૭૧૮ થઈ ગઈ છે. નેશનલ રિકવરી રેટ ૯૭.૪૫ ટકા થઈ ગયો છે તેમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. જો કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે વધુ ૩૬૯ લોકોનાં મોત થતાં અત્યાર સુધી કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૪,૪૧,૪૧૧ થઈ ગઈ છે. એક્ટિવ કેસોની સંખ્યા ઘટીને ૩,૯૧,૨૫૬ થઈ ગઈ છે. જે કુલ કેસોના ૧.૧૮ ટકા થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસોની સંખ્યામાં ૧૬૦૮નો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કુલ ૧૭,૫૩,૭૪૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. આ સાથે જ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ટેસ્ટની સંખ્યા વધીને ૫૩,૪૯,૪૩,૦૯૩ થઈ ગઈ છે. દૈનિક પોઝિટિવ રેટ ૨.૧૬ ટકા રહ્યો છે. જ્યારે સાપ્તાહિક પોઝિટીવ રેટ ૨.૪૯ ટકા રહ્યો છે. જે છેલ્લા ૭૫ દિવસથી ત્રણ ટકાની નીચે રહ્યો છે.

## ચુંટણીના માહોલ વચ્ચે ભાજપે રાજ્યોના પ્રભારી જાહેર કર્યા

નવી દિલ્હી , તા.૦૯

૨૦૧૭માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે માત્ર સાત પર જીત મેળવી હતી, જ્યારે તેની સહયોગી પાર્ટી સપાને ૪૭ બેઠકો મળી હતી. બીજી તરફ ભાજપે ઉત્ત પ્રદેશની ૪૦૩માંથી સૌથી વધુ ૩૧૨ બેઠકો પર જીત મેળવી હતી. બસપાએ પણ ૧૯ બેઠકો પર જીત મેળવી હતી. ઉત્તર પ્રદેશ ઉપરાંત પંજાબ પર પણ ભાજપની નજર છે, પંજાબમાં ગજેન્દ્રસિંહને પ્રભારી બનાવાયા છે જ્યારે તેમના સહયોગી તરીકે હરદીપસિંહ પુરી, મીનાક્ષી લેખી, વિનોદ ચાવડાને નિમ્યા છે. ઉત્તરાખંડના પ્રભારી તરીકે કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીને નિમ્યા છે. જ્યારે લોકેટ ચેટર્જી, સરદાર આરપીસિંહ તેમને મદદ કરશે. ગોવા વિધાનસભા ચૂંટણી માટે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેંદ્ર ફડણવીસને જવાબદારી સોપાઈ છે. તેવી જ રીતે મણિપુરમાં કેન્દ્રીય મંત્રી ભૂપેંદ્ર યાદવને જવાબદારી સોપાઈ છે. હાલ જે પાંચ રાજ્યોમાં ચૂંટણી આગામી વર્ષે યોજાવા જઈ રહી છે તેમાં ચારમાં ભાજપની સરકાર છે.આગામી વર્ષે ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેની તૈયારી રાજકીય પક્ષો દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. ભાજપે આ રાજ્યોના પ્રભારીના નામ જાહેર કરી દીધા છે. જેમાં ઉત્તર પ્રદેશના પ્રભારીની જવાબદારી કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને આપવામાં આવી છે.

સૌથી વધુ ૪૦૩ બેઠકો ધરાવતું આ રાજ્ય સૌથી મહત્વનું માનવામાં આવે છે. જ્યારે કેન્દ્રીય મંત્રી ગજેંદ્રસિંહ શેખાવતને પંજાબના પ્રભારી બનાવવામાં આવ્યા છે. ઉ. પ્રદેશ, પંજાબ ઉપરાંત ગોવા, મણિપુર અને ઉત્તરાખંડમાં પણ વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ભાજપની પ્રભારીઓની યાદીમાં ધર્મેન્દ્ર પ્રધાન, ગજેન્દ્ર શેખાવત ઉપરાંત અનુરાગસિંહ ઠાકુર, અર્જુન મેઘવાલ, સરોજ પાંડે, શોભા કરંદલાજે, કેપ્ટન અભિમન્યુ, અન્નપુર્ણા દેવી અને વિવેક ઠાકુરનો પણ સમાવેશ થાય છે.

## ભારત જેવા દેશ માટે ઘરે-ઘરે જઈને રસી આપવી શક્ય નથી : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી , તા.૦૯

સુપ્રીમ કોર્ટમાં અન્ય એક અરજી થઈ હતી તેમાં માગણી કરાઈ હતી કે કોરોનાને કારણે થયેલા મોતને બેદરકારીથી થયેલા મોત ગણવામાં આવે અને સાથે જ જે પણ કોરોના પીડિતો છે તેમના પરિવારને સહાય આપવા સરકારને આદેશ આપવામાં આવે. જોકે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કોરોનાથી થયેલું દરેક મોત બેદરકારીથી થયેલા મોત તરીકે ન ગણી શકાય. કોરોનાની બીજી લહેરમાં ઘણી અસર જોવા મળી છે પણ તમારી માગણી સ્વિકારી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટે આ બીજી અરજીને પણ માન્ય નહોતી રાખી.હાલ કોરોના વાઈરસની રસી લેવા માટે ચોક્કસ નક્કી કરેલા કેન્દ્ર પર જવુ પડે છે. એવામાં સુપ્રીમ કોર્ટમાં એક અરજી થઈ હતી જેમાં માગણી કરવામાં આવી હતી કે ઘરે ઘરે જઈને જરુરિયાતમંદ લોકોને રસી આપવાનો કેન્દ્ર સરકારને આદેશ આપવામાં આવે. સુપ્રીમ કોર્ટે આ માગણીનો સ્વિકાર કરવાની ના પાડી દીધી હતી અને કહ્યું હતું કે હાલ રસીકરણ બરાબર ચાલી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આપણા દેશની સ્થિતિ અન્ય દેશો કરતા અલગ છે. અહીં ગ્રામીણ અને શહેરી સ્થિતિ અલગ અલગ છે. કાશ્મીરની સ્થિતિ પશ્ચિમ બંગાળથી અલગ છે. એવામાં ઘરે ઘરે જઈને રસી આપવી આ પરિસ્થિતિમાં શક્ય નથી. સુપ્રીમ કોર્ટે સાથે એમ પણ કહ્યું હતું કે હાલ રસીકરણ યોગ્ય દિશામાં ચાલી રહ્યું છે માટે આવા કોઈ આદેશ આપવાની જરુર નથી.

સુપ્રીમ કોર્ટમાં આ અરજી વકીલોના સંગઠન યુથ બાર અસોસીએશન દ્વારા કરવામાં આવી હતી. જેમાં માગણી કરવામાં આવી હતી કે જે લોકો દિવ્યાંગ છે અથવા નબળા વર્ગના છે. તેમને રસી લેવા માટે કેન્દ્ર પર જવામાં મુશ્કેલી આવી રહી છે. એવામાં તેમને જો ઘરે જ રસી મળી જાય તો તેમની આ સમસ્યા દુર થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તમે સમગ્ર દેશમાં ઘરે ઘરે જઈને રસી આપવાનો આદેશ અપાય તેવી માગ કરી રહ્યા છો, જ્યારે હાલની સ્થિતિ મુજબ ૬૦ ટકા વસતીને રસી આપી દેવાઈ છે. અને રસીકરણ યોગ્ય દિશામાં જઈ રહ્યું છે. તેથી આવો કોઈ આદેશ ન આપી શકાય.

## તાલિબાનીઓની સરકારે શરિયત કાયદો લાગુ કર્યું જેનો મેહબૂબાએ સમર્થન આપ્યું

નવી દિલ્હી , તા.૦૯

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મેહબૂબા મુફતીએ શરિયત કાયદાના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે તાલિબાને ખરેખર સાચી રીતે શરિયત કાયદાને લાગુ કરવો જોઈએ કે જેમાં દરેકને સમાન અધિકાર આપવામાં આવ્યા છે. બીજી તરફ તાલિબાનો ભલે ગમે તેટલા વચનો આપે પરંતુ દુનિયા તે માને તેમ નથી. પહેલી વાત તેમણે વિદેશ મંત્રાલય સ્થાપ્યું છે. પાકિસ્તાન કે ચીન સિવાય કયો દેશ તેની સાથે સંબંધ રાખવા તૈયાર થશે ? અફઘાનિસ્તાન સાથે, લાંબી સરહદો ધરાવતાં ઈરાનને તેનું દૂતાવાસ કાર્યરત કરવા સિવાય અન્ય માર્ગ નથી. તેથી તે તાલિબાન સરકાર સાથે સંબંધ રાખે. રશિયા, બે ગણતરીએ સંબંધ રાખે તે સંભાવના છે. એક તો અખંડ સોવિયેત સંઘના સમયમાં તેની સાથે રહેલાં રાષ્ટ્રો છૂટા પડી ગયા પછી પણ તેને રચેલા કોમનવેલ્થ ઓફ ઈન્ડીપેન્ડન્ટ સ્ટેટસનાં રાજ્યો ઉપર તાલિબાની પંજો ન પડે તે માટે અને બીજું ત્યાં ઘૂસી જઈ ચીન સર્વેસર્વા ન બની રહે તે જોવા માટે પણ રશિયા તાલિબાન સરકાર સાથે સંબંધ રાખે. બાકી શું અમેરિકા, શું ઈંગ્લેન્ડ, કે શું ફ્રાન્સ તેની સાથે સંબંધ રાખશે ? ભારતની તો વાત જ છોડો.



તાલિબાનોએ તો જાહેર કરી જ દીધું છે કે હવે કાશ્મીરનો વારો છે. તે સંયોગોમાં ભારત તેની સાથે સંબંધ રાખી શકે ? અરે ! ઈસ્લામ ધર્મ જયાં ઉદભવ્યો તેવા સઉદી અરેબીયાએ પણ હજી સુધી કોઈ નિર્દેશો આપ્યા નથી કે તે કટ્ટર ઈસ્લામવાદી તાલિબાનો સાથે સંબંધ રાખશે.અફઘાનિસ્તાન સરકારમાં કેબિનેટની રચના સાથે તાલિબાનોએ જાહેર કરી દીધું છે કે હવેથી અફઘાનિસ્તાનમાં શરીયા કાનૂન પ્રમાણે શાસન ચલાવવામાં આવશે. આ સાથે તાલિબાને કહ્યું કે કોઈએ ભવિષ્યની ચિંતા કરવાની જરૂર નથી. અમારૂં પહેલું ધ્યેય, દેશની મુશ્કેલીઓ, કાનૂની રીતે ઉકેલવાનું છે. તેમણે તેમ પણ કહ્યું કે, છેલ્લા બે વર્ષથી અમે જે સંઘર્ષ કર્યો છે તેના બે હેતુઓ હતા. એક તો વિદેશી સત્તામાંથી દેશને મુક્ત કરવો અને બીજું દેશમાં ઈસ્લામિક શાસન પદ્ધતિ લાગુ કરવી. આ હેતુઓ સિદ્ધ કરવા માટે હવેથી અફઘાનિસ્તાનમાં સરકાર શરીયા કાનૂન પ્રમાણે ચલાવાશે અને લોકોએ પણ તે પ્રમાણે ચાલવું પડશે.' આ સાથે તાલિબાન પ્રવકતાએ જણાવ્યું હતું કે, તેમની સરકાર દેશમાં શાંતિ સ્થાપવા માગે છે. થોડા સમયમાં જ બધું ઠીક-ઠાક થઈ જશે. આથી મારી લોકોને અપીલ છે કે તેઓ અફઘાનિસ્તાન ન છોડે સાથે વિદેશીને પણ કહ્યું હતું કે તેમણે તેમના દૂતાવાસો ફરી કાર્યરત કરી દેવા.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૯

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૫૯૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૦

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૩૩૧

## તંત્રી સ્થાનેથી...

### વિપક્ષોથી પ્રજા વિમાસણમાં કેમ... યુપીમા ચૂંટણી ચહેરો કોણ હશે....?

*કોરોનાને કારણે વિશ્વના દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યા છે તેમાં કેટલાક દેશો નાદારી નોંધાવવા સુધી પહોંચી ગયા છે. અને આ બધી તકલીફો વચ્ચે ભારતનું અર્થતંત્ર બેઠું થઈ ગયું છે તે સાથે દોડવાની શરૂઆત પણ થઈ ચૂકી છે. પરંતુ દેશમાં આમ પ્રજાની કેડ ભાંગી નાખતી મોંઘવારીને લઈને તથા વધી ગયેલી બેરોજગારીને કારણે આમ પ્રજા વાજ આવી ગઈ છે. આવા સમયમાં જ કેન્દ્ર સરકારે સરકારી અસ્ક્યામતો વેચવાનો નિર્ણય કરતા આમ પ્રજામાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. લોકો કેન્દ્ર સરકારને દોષિત માનવા સાથે ધુત્કારવા લાગી છે....! બીજી તરફ દેશના રાજકીય પક્ષો આમ પ્રજા જે કારણે ત્રસ્ત છે તે મોંઘવારી મુદ્દે વિરોધ પક્ષોએ જોઈએ તેવો વિરોધ નથી કર્યો તો ચોમાસુ સત્ર દરમિયાન પેટ્રોલ-ડીઝલના ભાવ વધારો, મોંઘવારી, બેરોજગારી સહિતના અનેક પ્રજાતિઓ બળતા મુદ્દા હતા તેવા મુદ્દાઓ જોરશોરથી ઉઠાવવાના બદલે પેગાસસ મુદ્દાને આગળ કરી લોકસભા તેમજ રાજસભામા ભારે હોહા મચાવી ભારે વિરોધ કર્યો તો કૃષિ કાનુન મુદ્દે વિરોધ કર્યો પરંતુ નહિવત્ પ્રમાણમાં.... જે કારણે આમ પ્રજા વિમાસણમાં મુકાઇ ગઈ છે. દેશમાં ક્યાં રાજકીય પક્ષોનો ભરોસો કરવો....? વિપક્ષોને પ્રજાકીય કેટલાક બળતા મુદ્દા મળી ગયા હતા કે જેનો મોટા પાયે વિરોધ થઇ શકે પરંતુ પ્રજા પ્રશ્ને જરૂરી ભારે વિરોધ શા માટે ન કર્યો... એવું તો શું કારણ હતું કે વિરોધ કરવામાં પાછા પડ્યા....? તેવા સવાલો પ્રજાકીય આંતરિક ચર્ચામાં રહ્યા છે. જોકે મમતા બેનરજીએ વિપક્ષનો મોરચો રચવા જે પ્રયાસો કર્યા તેનાથી પ્રજામાં ખુશી છે અને આવકારી રહી છે.....!*

*કેન્દ્ર સરકારની નજર*

*ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં આવતી પાંચ રાજ્યોની ચૂંટણીઓ એનકેન પ્રકારે જીતવા તરફ મંડરાઇ ગઇ છે. જ્યારે કે કૃષિ કાનુનો રદ કરવાના મુદ્દે ખેડૂતોનુ આંદોલન ચારે તરફ વિસ્તરી રહ્યું છે. જેને મોટી અસર હરિયાણા રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં સ્પષ્ટ દેખાઈ આવી છે.તો ઉત્તર પ્રદેશના પશ્ચિમ વિસ્તારમાં ખેડૂતો આંદોલનની મોટી અસર છે કે ભાજપને નુકશાન કરી શકે તેમ છે તો કોરોના કાળમાં તંત્રની નબળી કામગીરી, યોગી સરકારમાં બની ગયેલી કેટલીક દુર્ઘટનાઓને લઈને યુપીની પ્રજા નારાજ છે જે બાબતને વડાપ્રધાન મોદીજી તથા મોવડી મંડળ સારી રીતે સમજી ગયું છે એટલે મોદીજી ખુદ ચૂંટણી પ્રચારની દોર પોતાના હાથમાં રાખી છે. મતલબ ચૂંટણીનો મુખ્ય શહેરો મોદીજી પોતે હોઈ શકે.....! યુપી મા પોતાના કહ્યાગરા સાંસદને ચૂંટણીની જવાબદારી સોંપી દીધી છે તેમજ અમીત શાહ અને યોગીજીને સાઈડ લાઈન કર્યા છે. બીજી તરફ મુસ્લિમ મતો તોડવા ઓવૈસી મેદાનમાં આવ્યા પણ મુસ્લીમો તેમને સ્વીકારવા તૈયાર નથી અને વિરોધ કર્યો છે. જ્યારે કે ખેડૂત નેતા ટિકૈતે કિસાન મહા પંચાયતમાં હિંદુ-મુસ્લિમ એકતાની વાતો કરવા સાથે "હર હર મહાદેવ" અને "અલ્લાહુ અકબર"ના નારા બોલાવતા ભાજપ સહિતના અન્ય પક્ષોની ઊંઘ હરામ કરી નાખી છે....! ત્યારે મોદીજીએ યુપી ચૂંટણી જીતવા માટે એડી-ચોટીનુ જોર લગા?વવુ પડશે તે સ્પષ્ટ છે......!!*

*વંદે માતરમ્*

# નેચરલ ગેસમાં ૩.૧૭ કરોડ એમએમબીટીયૂના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારાનો સંચાર

**સોના-ચાંદીમાં પરસ્પર વિરુદ્ધ વલણઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ કોટન, મેન્થા તેલ, રબરમાં નરમાઈઃ સીપીઓમાં સુધારોઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૪૪ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ**

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૩,૨૪૭ સોદાઓમાં કુલ રૂ.૧૦,૪૫૨.૯૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં પરસ્પર વિરુદ્ધ વલણ હતું. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬ ઘટવા સામે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧૪૩ની વૃદ્ધિ ભાવમાં થઈ હતી. તમામ બિનલોહ ધાતુઓ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં નેચરલ ગેસમાં ૩,૧૭,૪૩,૭૫૦ એમએમબીટીયૂનું વોલ્યુમ નોંધાયું હતું. ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેના વાયદાના ભાવમાં સુધારાનો સંચાર થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન, મેન્થા તેલ અને રબરમાં નરમાઈ સામે સીપીઓ સુધર્યું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના વાયદામાં ૪૪ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના વાયદામાં ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં એમસીએક્સ ખાતે સોના-ચાંદીમાં ૫૧,૬૭૩ સોદાઓમાં કુલ રૂ.૩,૨૦૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૬,૯૩૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૦૯૦ અને નીચામાં રૂ.૪૬,૮૫૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬ ઘટી રૂ.૪૭,૦૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯ ઘટી રૂ.૩૮,૦૧૩ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૪,૭૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૪,૦૦૧ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૪,૪૦૦ અને નીચામાં રૂ.૬૩,૬૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૩ વધી રૂ.૬૪,૩૨૬ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૦૩ વધી રૂ.૬૪,૫૪૧ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૧૫ વધી રૂ.૬૪,૫૫૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૩૨૧ સોદાઓમાં રૂ.૨,૫૧૩.૪૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨ વધી રૂ.૨૨૩.૭૦ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૨૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૨૦ વધી રૂ.૭૧૭ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૦.૬ વધી રૂ.૧,૫૧૯.૩૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૧૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ ખાતે ૨૫,૯૯૧ સોદાઓમાં કુલ રૂ.૧,૯૦૫.૬૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૧૧૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૧૪૦ અને નીચામાં રૂ.૫,૦૭૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૪ વધી રૂ.૫,૧૨૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૦ વધી રૂ.૩૬૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ ખાતે ૧,૬૮૮ સોદાઓમાં રૂ.૧૯૦.૯૪ કરોડનાં કામકાજ થયા હતા. રબર સપ્ટેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૪૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૪૯૭ અને નીચામાં રૂ.૧૭,૧૬૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩૮ ઘટી રૂ.૧૭,૨૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૨૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૪૩.૮૦ અને નીચામાં રૂ.૧૧૨૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬.૫૦ વધી રૂ.૧૧૩૫ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૨૦ ઘટી રૂ.૯૭૦.૨૦ અને એમસીએક્સ કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૩૦ ઘટી રૂ.૨૫,૮૪૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૯,૦૮૮ સોદાઓમાં રૂ.૧,૭૮૭.૨૫ કરોડનાં ૩,૮૦૬.૬૨૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૨,૫૮૫ સોદાઓમાં કુલ રૂ.૧,૪૧૪.૩૭ કરોડનાં ૨૨૦.૬૧૨ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨૭૨.૮૮ કરોડનાં ૧૨,૧૭૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૧૯૪.૩૧ કરોડનાં ૭,૭૦૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૮૬૯.૪૬ કરોડનાં ૧૨,૧૪૭.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૧,૦૮૫.૫૭ કરોડનાં ૭,૧૬૪૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૧.૨૭ કરોડનાં ૪,૯૨૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦,૧૭૮ સોદાઓમાં રૂ.૭૫૦.૭૭ કરોડનાં ૧૪,૬૯,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫,૮૧૩ સોદાઓમાં રૂ.૧,૧૫૪.૮૩ કરોડનાં ૩,૧૭,૪૩,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧૮૮ સોદાઓમાં રૂ.૧૩.૩૦ કરોડનાં ૫૧૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૫૪ સોદાઓમાં રૂ.૧૧.૧૫ કરોડનાં ૧૧૪.૧૨ ટન, રબરના વાયદાઓમાં ૩૩ સોદાઓમાં રૂ.૦.૬૬ કરોડનાં ૩૮ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૨૧૩ સોદાઓમાં રૂ.૧૬૫.૮૩ કરોડનાં ૧૪,૬૭૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ ખાતે પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૫૪૬.૬૩૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૦૨.૭૨૯ ટન, એલ્યુમિનિયમમાં ૧૬,૮૧૫ ટન, જસત વાયદામાં ૮,૩૯૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૧,૫૭૫૦ ટન, નિકલ વાયદામાં ૪,૧૧૬૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૯,૩૦૦ ટન, ક્રૂડ તેલમાં ૬,૨૧,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૩૪,૦૨,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૮૭૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૬.૨૮ ટન, રબરમાં ૭૭ ટન, સીપીઓમાં ૭૧,૩૫૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ ખાતે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૫૭ સોદાઓમાં રૂ.૧૧૪.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૪૫ સોદાઓમાં રૂ.૪૧.૨૧ કરોડનાં ૫૮૩ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૧૨ સોદાઓમાં રૂ.૭૩.૦૫ કરોડનાં ૯૦૭ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૯૬૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૧૬૦ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૪,૧૭૫ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૯૪ અને નીચામાં ૧૪,૧૫૦ના સ્તરને સ્પર્શી, ૪૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૪ પોઈન્ટ ઘટી ૧૪,૧૬૪ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૬,૦૩૫ના સ્તરે ખૂલી, ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૭૫ પોઈન્ટ વધી ૧૬,૧૩૬ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ ખાતે ૨૯,૨૧૭ સોદાઓમાં રૂ.૨,૫૨૭.૦૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૪.૨૬ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨.૧૮ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૨૩૦.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

# તાલિબાનીઓ દ્વારા પ્રદર્શન કરનાર મહિલા તેમજ કવરેજ કરનાર પત્રકારને માર માર્યો

નવી દિલ્હી , તા.૦૯

અફઘાનિસ્તાનમાં મહિલાઓ, સામાન્ય લોકો અને તે પ્રદર્શનને કવર કરી રહેલા પત્રકારો તાલિબાનના સપાટામાં આવ્યા છે. તાલિબાન દ્વારા વચગાળાની સરકારની જાહેરાત બાદ કાબુલમાં વિવિધ જગ્યાઓએ મહિલાઓએ પ્રદર્શન કર્યું હતું અને સરકારમાં હિસ્સાની માગણી કરી હતી.મહિલાઓ દ્વારા કરવામાં આવેલું તે પ્રદર્શન ખૂબ નાનું હતું પરંતુ તાલિબાનોએ તેને પણ હલાવીને રાખી દીધું હતું. તાલિબાનીઓએ મહિલાઓ સાથે મારપીટ કરી હતી અને ત્યાં ઉપસ્થિત પત્રકારોને પણ માર માર્યો હતો. હવે સરકારની રચના બાદ તાલિબાને જાહેરાત કરી છે કે, સરકારની પરવાનગી વગર કોઈ પણ પ્રકારના પ્રદર્શનને મંજૂરી નહીં અપાય. સોશિયલ મીડિયામાં એવા અનેક વીડિયો વાયરલ થઈ રહ્યા છે જેમાં તાલિબાનીઓ મહિલાઓ સાથે મારપીટ કરી રહ્યા છે તેમ દેખાઈ રહ્યું છે.

તાલિબાનીઓએ મહિલાઓ અને પત્રકારોને ડંડાઓ અને રાઈફલની બટ વડે ફટકાર્યા હતા. સાથે જ અનેક પત્રકારોની ધરપકડ કરીને તેમને માર મારવામાં આવ્યો છે. મહિલાઓ એટલા માટે પણ પ્રદર્શન કરી રહી છે કે, સત્તામાં આવ્યા બાદ તાલિબાને મહિલાઓ પર અનેક પ્રકારના પ્રતિબંધો લગાવી દીધા છે. શાળા-કોલેજીસમાં છોકરા અને છોકરીઓને એક સાથે અભ્યાસ નથી કરાવાઈ રહ્યો અને પોષાકને લઈને પણ અનેક પ્રતિબંધો લાદ્યા છે. હાલ મહિલાઓ કામ નથી કરી શકતી જ્યારે તાલિબાને એમ કહ્યું હતું કે, તેમની સરકારમાં મહિલાઓની ભાગીદારી રાખશે. ઉલ્લેખનીય છે કે, કાબુલ ઉપરાંત મજાર એ શરીફ અને અન્ય શહેરોમાં છેલ્લા ૨-૩ દિવસથી પ્રદર્શનો તેજ થયા છે.

અમેરિકાના વોશિંગ્ટન ખાતે પણ અફઘાની નાગરિકો પ્રદર્શન કરી રહ્યા છે. અફઘાની નાગરિકોમાં તાલિબાન ઉપરાંત પાકિસ્તાન પ્રત્યે પણ ગુસ્સો છે. પાકિસ્તાની વાયુસેનાએ તાજેતરમાં જ પંજશીર વિસ્તારમાં ડ્રોન વડે હુમલો કર્યો હતો તથા તાલિબાન સામે લડી રહેલા નોર્ધન એલાયન્સના ફાઈટર્સને નિશાન બનાવ્યા હતા.તાલિબાન શાસન બાદ સામાન્ય લોકો ખૂબ જ ચિંતામાં આવી ગયા છે. છેલ્લા કેટલાક દિવસોથી કાબુલ સહિત અલગ અલગ શહેરોમાં તાલિબાન સરકાર વિરૂદ્ધ પ્રદર્શનો થઈ રહ્યા છે. મહત્વની વાત એ છે કે, આ પ્રદર્શનોની આગેવાની મહિલાઓ કરી રહી છે. જોકે તાલિબાન આ પ્રદર્શનોને લઈ ભારે રોષમાં છે.

# નોર્ધન એલાયન્સનો દાવો હજુ પંજશીરનો ૯૦ ટકા હિસ્સો અમારી પાસે છે

નવી દિલ્હી , તા.૦૯

અફઘાનિસ્તાન મુદ્દે સમગ્ર વિશ્વના વલણને લઈ અલી નજારીએ જણાવ્યું કે, જે રીતે દુનિયાએ અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા માનવીય સંકટ વખતે પોતાની આંખો બંધ કરી લીધી છે તે ખૂબ જ નિરાશાજનક છે. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા તાલિબાને એવો દાવો કર્યો હતો કે, તેણે પંજશીર પર કબજો મેળવી લીધો છે. ત્યાં લાંબા સમય સુધી તાલિબાન અને નોર્ધન એલાયન્સ વચ્ચે વાતચીત ચાલુ રહી અને ત્યાર બાદ અથડામણ પણ થઈ. પંજશીર પર કબજાના દાવા બાદ તાલિબાને અફઘાનિસ્તાનમાં પોતાની વચગાળાની સરકારની રચના કરી. તાલિબાને ૩૩ કેબિનેટ મંત્રીઓ સાથે પોતાની સરકાર બનાવી દીધી છે પરંતુ કાબુલ સહિત વિવિધ શહેરોમાં તેના વિરૂદ્ધ પ્રદર્શનો થઈ રહ્યા છે.તાલિબાને અફઘાનિસ્તાનમાં પોતાની સરકાર બનાવી લીધી છે અને શાસન કરવા તરફ આગળ વધ્યું છે. જોકે તેને પંજશીરમાં હજુ પણ પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. નોર્ધન એલાયન્સના પ્રમુખ અહમદ મસૂદના પ્રવક્તા અલી નજારીએ આ બધા વચ્ચે એક મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, પંજશીરના ૯૦ ટકા વિસ્તાર પર હજુ પણ નોર્ધન એલાયન્સનું જ નિયંત્રણ છે અને તેઓ તાલિબાનની પહોંચથી દૂર છે.

નેશનલ રેજિસ્ટેન્સ ફોર્સ (એનઆરએફ)ના અલી મૈસમ નજારીએ જણાવ્યું કે, અહમદ મસૂદ અને અમરૂલ્લાહ સાલેહ હાલ અફઘાનિસ્તાનમાં જ છે. તેઓ પોતાના વિસ્તારમાં છે અને લોકોની સાથે છે, કોઈને પણ દગો નહીં આપવામાં આવે.

# ખેડુતોમાં આનંદની લાગણી રવી પાકની એમએસપીમાં ૪૦૦ સુધીનો વધારો

નવી દિલ્હી , તા.૦૯

ટેક્સટાઈલ સેક્ટરની પીએલઆઈ સ્કીમને કારણે હાઈ વેલ્યુ એમએમએફ ફેબ્રિક, ગારમેન્ટ્સ અને ટેકનિકલ ટેક્સટાઈલનું પ્રોડ્કશન વધારવામાં મદદ મળશે.રૂ આ સ્કીમને કારણે પાંચ વર્ષમાં ૧૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ આવશે અને ટેક્સટાઈલ સેક્ટરમાં ૭.૫ લાખ નોકરીઓનું સર્જન થશે. પેકેજને બે ભાગમાં રાખવામાં આવ્યું છે. જેમાં પ્રથમ ભાગમાં ૧૦૦ કરોડ રૂપિયાનું પ્રોડ્કશન અને બીજા ભાગમાં ૩૦૦ કરોડ રૂપિયા સુધીનું પ્રોડ્કશન રાખવામાં આવ્યું છે. કેન્દ્રીય પ્રધાન પિયૂષ ગોયલના જણાવ્યા અનુસાર આ સ્કીમથી મુખ્યત્વે ગુજરાત, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગણા, ઓડિશા જેવા રાજ્યોને લાભ મળશે. ગોયલે જણાવ્યું હતું કે બિહાર જેવા રાજ્યો પણ આ સ્કીમથી લાભ ઉઠાવી શકે છે. ભારત બ્રિટન, યુરોપિયન યુનિયન અને યુએઈ જેવા પશ્ચિમી દેશો સાથે પણ મુક્ત વેપાર સમજૂતી પર કાર્ય કરી રહ્યું છે. ટેક્સટાઈલનો સૌથી વધુ ઉપયોગ સંરક્ષણ અને આરોગ્ય સેક્ટર માટે કરવામાં આવે છે. કેબિનેટે બુધવારે ટેક્સટાઈલ સેક્ટર માટે ૧૦,૬૮૩ કરોડ રૂપિયાની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટીવ(પીએલઆઈ) સ્કીમની જાહેરાત કરી છે. ડોમેસ્ટિક મેન્યુફેક્ચકરિંગ અને નિકાસ વધારવા માટે ટેક્સટાઈલ સેક્ટર માટે આ જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે એક ક્વિન્ટલ ઘંઉનો ટેકાનો ભાવ ૪૦ રૂપિયા વધારીને ૨૦૧૫ રૂપિયા કર્યો છે. સરકાર જે ભાવે ખેડૂતો પાસેથી અનાજની ખરીદી કરે છે તેને ટેકાનો ભાવ કહેવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આગામી રવી સીઝન ૨૦૨૨-૨૩ની માટે વિવિધ કૃષિ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)માં વૃદ્ધિ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. સરકાર દ્વારા ઘઉં, મસૂર ચણા સહિતના છ શિયાળુ કૃષિ પાકોના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ થી ૩૫થી ૪૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યા છે. એમએસપીમાં વૃદ્ધિથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ટેક્સટાઈલ પ્રધાન પિયૂષ ગોયલે પત્રકારોને જણાવ્યું હતું કે કેબિનેટે મેન મેઈડ ફાઈબર(એમએમએફ) એપરેલ, એમએમએફ ફેબ્રિક્સ સહિતના ટેક્સટાઈલ માટે ૧૦,૬૮૩ કરોડ રૂપિયાની પીએલઆઈ સ્કીમની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨માં કુલ ૧૩ સેક્ટર માટે ૧.૯૭ લાખ કરોડ રૂપિયાની પીએલઆઈ સ્કીમની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ટેક્સટાઈલ સેક્ટર પણ સામેલ હતું.

# ભારેથી અતિભારે વરસાદની રાજ્યમાં આગાહી વચ્ચે સર્વત્ર વરસાદી માહોલ

ગાધીનગર, તા.૦૯

રાજ્યના ૧૦ તાલુકાઓમાં ૪ ઈંચથી ૯ ઈંચ વરસાદ વરસ્યો છે. સૌથી વધુ ગીરસોમનાથના સુત્રાપાડામાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. ગીરસોમનાથના વેરાવળ અને રાજકોટના ગોંડલમાં ૬-૬ ઈંચ વરસાદ નોંધાયો છે. તો માણાવદર, માળીયા અને બાબરામાં ૫-૫ ઈંચ વરસાદ વરસ્યો છે. સાથે જ વિસાવદર, ખાંભા, કેશોદ અને વંથલીમાં ૪-૪ ઈંચ વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ દાહોદ, વલસાડ , ખેડા, સુરત અને વડોદરા જિલ્લામાં પણ મેઘરાજા મહેરબાન બન્યા હતા. ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. જેમાં દાહોદ અને વલસાડમાં વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તો બીજી તરફ ખેડા જિલ્લામાં વરસાદ વરસતા રસ્તા નદી બન્યા હતા. ભારે વરસાદને પગલે અહીં રસ્તાઓ પર પાણી ભરાઇ ગયા હતા. તો બીજી તરફ સુરત અને વડોદરાના સાવલીમાં પણ મેઘરાજા પ્રસન્ન થઈ વરસ્યા હતા. છેલ્લા બે દિવસથી હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા અવિરત વરસી રહ્યાં છે. હજું પણ હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આજે ભારે વરસાદ પડવાની સંભાવના છે. છેલ્લા બે દિવસમાં સૌરાષ્ટ્રના અનેક પંથકમાં જળબંબાકારની સ્થિતિનું સર્જન થયું છે. તો દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદને કારણે પાણી જ પાણી થઈ ગયું છે. પાણીની સમસ્યા પણ હળવી થઈ છે.રાજ્યમાં આજે ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે, તો કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી પર નજર કરીએ તો સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબીમાં અતિભારે વરસાદ વરસી શકે છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, આણંદમાં પણ અતિભારે વરસાદની આગાહી છે.

ભારે વરસાદની આગાહી પર નજર કરીએ તો, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને મહિસાગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો દક્ષિણ ગુજરાતના શહેરો જેવા કે સુરત, નવસારી, વલસાડ, દમણમાં ભારે વરસાદ વરસી શકે છે. સાથે જ સૌરાષ્ટ્ર પંથકમાં જૂનાગઢ, ગીરસોમનાથ, કચ્છ, દીવમાં ભારે વરસાદ વરસી શકે છે.

# બ્રિટનમાં જીવન જરુરી ચીજવસ્તુઓની ભારે તંગી સર્જાઇ

લંડન , તા.૦૯

કોવિડની મહામારીના કારણે જે લોકો બ્રિટનમાંથી પોતાના વતનના દેશમાં ગયા છે તેઓ હાલની સ્થિતિને ધ્યાનમાં લેતાં હજુ પાછા ફર્યા નથી. ટ્રાન્સપોર્ટ કંપનીઓ દ્વારા તાજેતરમાં જારી કરાયેલા એક અંદાજ મુજબ બ્રિટનને હાલ એક લાખ જેટલા ટ્રાક ડ્રાઈવરોની જરુર છેકોવિડની મહામારી અને બ્રેક્સઝિટ જેવા પરિબળોના પરિણામ આજે લંડનના લોકો ભોગવી રહ્યા છે. શહેરના મોટા મોટા સ્ટોર, સુપર માર્કેટ, ગ્રોસરી સ્ટોર અને કન્વિનિયન્ટ સ્ટોરમાં જીવન જરુરી ચીજવસ્તુઓની ભારે તંગી સર્જાઇ છે. આશ્ચર્યની વાત તો એ છે કે મોટા મોટા સુપર માર્કેટ અને લગભગ દરેક ગ્રોસરી સ્ટોરમાં દૂધ અને પાણીની બોટલો ખલાસ થઇ ગઇ છે. કોવિડની મહામારીના કારણે જીવન જરુરી ચીજવસ્તુઓનો પૂરવઠો પૂરો પાડતી સમગ્ર સપ્લાય ચેઇનની વ્યવસ્થા ખોરવાઇ જતા આ પરિણામ આવ્યું છે.


# ઓગસ્ટમાં ૧૫ લાખ ઉતારુઓએ ફ્લાઈટથી અવરજવર કરી હતી

નવી દિલ્હી , તા.૦૯

આ વર્ષના એપ્રિલમાં દેશમાં કોવિડની બીજી લહેરને કારણે ફરી પાછા વિમાનપ્રવાસમાં ઘટાડો થયો હતો. જોકે, આ વર્ષના જૂનથી સ્થિતિ સુધરતી જાય છે. તહેવારોની મોસમમાં મુંબઇ એરપોર્ટ ખાતે ઓગસ્ટમાં આંતરદેશીય (ડોમેસ્ટિક) તથા આંતરરાષ્ટ્રીય (ઈન્ટરનેશનલ) પ્રવાસ કરનાર કુલ ૧૫૮૭૧૫૦ પ્રવાસીઓ નોંધાયા હતા. આમાંના ૧૪૦૨૩૬૯ પ્રવાસી ડોમેસ્ટિક સ્થળોના તો ૧૮૪૭૮૭ ફલાયર્સ ઈન્ટરનેશનલ સ્થળોના હતા. સીએસએમઆઈએની માહિતી મુજબ ગયા મહિને સૌથી વધુ સંખ્યામાં પ્રવાસીઓ રવાના થયા હોય તેવા ઈન્ટરનેશનલ શહેરોમાં ટોચના ક્રમે દોહા અને દુબઇ છે.

મુંબઇ એરપોર્ટ પરથી ૪૧,૪૧૦ પ્રવાસીઓએ દોહા, ૩૭૧૨૬ જણાએ દુબઇ અને ૧૮૧૯૦ પ્રવાસીઓએ માલે અવરજવર કરી હતી. ઓગસ્ટમાં ૭૮૫૪૭૯ ઉતારુઓ વિવિધ સ્થળોએથી સીએસએમઆઈએ ખાતે આવ્યા હતા જ્યારે ૮૦૧૬૭૭ પ્રવાસીઓ દેશ-વિદેશના વિવિધ સ્થળોએ રવાના થયા હતા.એક તરફ તહેવારોની મોસમ શરૂ થઇ અને બીજી તરફ વિશ્વભરમાં પ્રવાસ પરના નિયંત્રણો હળવાં થઇ રહ્યા હોવા સાથે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ (સીએસએમઆઈએ)થી પ્રવાસ કરનારા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ઓગસ્ટમાં ૧૫ લાખ ઉતારુઓએ સીએસએમઆઈએ ખાતેથી અવરજવર કરી હતી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ

વિષય :." સમય ના સરવાળા. બાદબાકી, ભાગાકાર" વિષયક રચનાઓ(૧૦-૯-૨૦૨૧)દિવસ - ૫

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

## NOG SS No : 0044

વિષયઃ- સમયના સરવાળા, બાદબાકી, ભાગાકાર.

પ્રકારઃ- ગદ્ય

શીર્ષકઃ- સમીકરણ

જિંદગીમાં કાના, માત્રા વગરનાં સમયનું ખુબ જ મહત્વ છે. જિંદગીમાં થતાં ફેરફાર, અનુભવો સમયને આધીન છે.

શાળામાં શરૂઆતમાં અંકગણિતમાં એવું શીખેલાં કે, ૪-૨= ૨.મોટી રકમમાંથી નાની રકમ બાદ થાય.જેની સંજ્ઞા ઓછાની હોય તે હંમેશા નાની.

આગળ જતાં નવું સમીકરણ શીખ્યા,-૪ ૨=-૨. ઓછાની સંખ્યામાંથી વત્તાની સંખ્યા બાદ કરી.મોટી સંખયામાંથી નાની સંખ્યા બાદ કરી, નાની રકમની સંજ્ઞા સરવાળાની હોવાં છતાં અને જવાબને મોટી રકમની સંજ્ઞા મળે એટલે બાદબાકી ની સંજ્ઞા મળી.એવું જ જીવનમાં સારાં ગુણોમાંથી ખરાબ ગુણોની બાદબાકી કરો તો સારાં ગુણો જ રહે. પરંતુ જો ખરાબ ગુણો વધારે હોય તો સારાં ગુણો પર હાવી થઈ જાય અને સારાં ગુણો બાદ થઈ આપણી પાસે ખરાબ ગુણો જ રહે. એટલે જ હંમેશા સારાં ગુણો જ વધારવા એટલે ધીમે ધીમે ખરાબ ગુણો નાશ પામતાં જાય.

સંબંધોમાં હંમેશા લાગણી, પ્રેમ અને સ્નેહનો ગુણાકાર કરતાં રહીએ એટલે આપોઆપ ઈર્ષ્યા, ગુસ્સો વગેરે ખરાબ ગુણોનાં ભાગાકાર થતાં જઈ શેષ શૂન્ય આવે.

સરવાળે આપણી પાસે સારાં કર્મો જ રહે, જેની કેડી પર ચાલી આપણે ભવિષ્યની સુખદ કેડી કંડારી શકીએ. એટલે જ સમય મુજબ દરેક કાર્યો કરીએ તો સફળતાનાં ગુણાકાર થતાં રહે.બાકી સમય જ નથી એવાં રોદણાં રડ્યા કરીએ તો સફળતાની બાદબાકી થતી રહેશે.સમય કોઈને માટે થોભતો નથી. વ્યવસાયમાં પણ યોગ્ય સમયે લીધેલો યોગ્ય નિર્ણય કારગત નીવડે અને વ્યવસાયનો વ્યાપ થાય. આર્થિક ઉપાર્જન જરૂરી છે પરંતુ એની પાછળ આંધળી દોટ મૂકવામાં સમય વહી જાય.પૈસાનાં સરવાળા થાય પરંતુ પારિવારિક સંબંધો ન જળવાતાં ધીમે ધીમે સંબંધોની બાદબાકી થતી જાય.

જિંદગીનાં સમયનું સમીકરણ આપણાં જ હાથમાં છે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG.SS.NO. -0036

વિષય - સમયનાં સરવાળા, બાદબાકી અને ભાગાકાર.

વિભાગ - પદ્ય

શીર્ષક - હિસાબ કર

ગણતરી માંડી જિંદગીનો હિસાબ કર,
રે મનવા, તું ઉજાસનો હિસાબ કર.
ઉમંગ ને આનંદ, આશા ને ઉત્સાહ,
સમજણનાં સરવાળાનો હિસાબ કર.
સમયનાં ચકરાવે ઝૂલતો માનવ,
બાદબાકી કરી લાગણીનો હિસાબ કર.
ગુણાકારે સુખનાં હરખની હેલી લાવી,
ભાગાકારી શેષે સ્મિતનો હિસાબ કર.
ગમતિલા સમયને ઉમેરીને ગુણ,
ઉદાસી હટાવી ખુશીનો હિસાબ કર.

અરૂણા ત્રિવેદી,અમદાવાદ

---

## NOG SS NO. : 0034

વિભાગ : પદ્ય

શીર્ષક : સૌનો વારો સરખો આવે છે.

મેર પછીય માળામાં મણકો આવે છે,
સુખ સાથે જ દુઃખનો તડકો આવે છે.
જિંદગીનાં સરવાળા બાદબાકી છે અઘરાં,
ક્યાં કોઈનો જવાબ સરખો આવે છે!
વિધાતાએ લખ્યાં લેખ લલાટે મિથ્યા નવ થાય,
રાજગાદીને સ્થાને ભાગ્યમાં વગડો આવે છે.
પાંચ-પાંચ પતિઓની માનીતી રાણી પાંચાલી,
ને ચીરહરણ વખતે મદદે કાનો આવે છે.
લાગણીઓમાં થવા લાગી જ્યાં ગણતરીઓ,
ત્યાં જ મધુર સંબંધમાં કડવો ઘૂંટડો આવે છે.
મારું-તારું, તારું-મારું રટતાં રહ્યાં જિંદગીભર,
અંતિમ શ્વાસમાં ક્યાં કામનો સગો આવે છે.
માત-તાતે નિભાવી સઘળી ફરજો સંતાનોની,
તોય ભાગ્યમાં વૃદ્ધાશ્રમનો ઓટલો આવે છે.
જીવતેજીવ ન કરે કદર સંબંધોની આ માનવ,
મર્યા પછી લાશ પર સુગંધી ફૂલો આવે છે.
ન સ્વર્ગ, ન નર્ક, છે સૌ કર્મોની અહીં બલિહારી,
રાજા હો કે રંક, સૌનો વારો સરખો આવે છે.

ડો. રેખા શાહ

---

## NOG.SS.No : 0099

વિષય : જીવનનાં સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર.

પ્રકાર : પદ્ય

શીર્ષક : આપણો જ ફાળો છે

શબ્દો: ૮૩

જીવન એ આપણાં જ કરેલા કર્મોનો તાળો છે,
સુખદુઃખ એ બીજું કંઈ નહીં, કર્મોનો સરવાળો છે.
પ્રેમ, સદાચાર, પરોપકારથી પુણ્યોનો સરવાળો છે, વાર્થ અને લોભવૃત્તિ અણગમતો ઉનાળો છે.
છળ, કપટ, કૃતઘ્નતાથી જીવનમાં રોગચાળો છે,
સેવા ને ભક્તિ વિનાનું જીવન નકામો માળો છે.
સત્ય અહિંસા સાથે સેવાનો માર્ગ નિરાળો છે,
આપણાં પતન કે ઉત્થાનમાં આપણો જ ફાળો છે.

ભાવનાબેન મિસ્ત્રી 'અભય' વલસાડ

---

## N.O.G. S.S.No.0102.

વિષયઃ-સમયના સરવાળા બાદબાકી અને ભાગાકાર, સામાજિક આર્થિક અને વ્યવહારિક દ્રષ્ટિએ.

પ્રકાર :-ગદ્ય.

શીર્ષકઃ-સમયના સરવાળા બાદબાકી ભાગાકાર, સામાજિક ,આર્થિક અને વ્યવહારિક દ્રષ્ટિએ.

માનવજીવન સમયની સાથે સંકળાયેલું હોય છે. માનવીની જેમ જેમ ઉંમર વધે છે ,તેમ તેમ તેને સમાજની સાથે અનેક પ્રકારના સંબંધોથી સંકળાયેલા રહેવું પડે છે .આ સંબંધો સામાજિક ,આર્થિક અને વ્યવહારિક પણ હોય છે.

માનવીને જેમ સમાજ ની જરૂરત પડે છે તે પ્રકારે તે પોતાના વ્યવહારો ઉપરોક્ત બાબત માં બદલતો રહેતો હોય છે. જે પોતાને આગળ વધવામાં મદદ કરે તેવા સંબંધોનો તે સરવાળો કરતો હોય છે, અને જેઓ તેને નુકસાન કરે કે હરકત પહોંચાડે તેવા સંબંધો માં સમાજમાંથી તેવા લોકોની બાદબાકી કરતો રહે છે. એટલું જ નહીં પરંતુ જ્યારે ઘણી બધી વસ્તુઓ અને ઘણા બધા સંબંધોમાંથી તેને જ્યારે કાંઈ પણ પસંદ કરવાનું હોય છે ,ત્યારે તે ભાગાકાર કરે છે અને પોતાને ફાયદો થતો હોય તે પ્રમાણે ભાગાકારનુંમૂલ્યાંકનકરેછે. વ્યક્તિ નો ઉછેર કુટુંબમાં થાય છે. શાળા , કોલેજ વિગેરેમાં તે જ્ઞાન પ્રાપ્ત કરે છે .તેને આધારે સમાજમાં પણ તેની ગણના થાય છે .તેને આધારે જ તેનું આર્થિક વ્યવહાર સંકળાયેલ હોય છે .સારું શિક્ષણ સારી આર્થિક પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે. જો સારું કમાતો હોય તો સમાજ સાથેનો વ્યવહાર પણ સારો બની રહે છે. સમાજમાં માન અને પ્રતિષ્ઠા તે પોતાનું સ્થાન હાંસલ કરી શકે છે.

સમાજમાં બધા લોકો આવા નથી હોતા. ઓછું શિક્ષણ ,નાની નોકરી ધંધો વગેરે મધ્યમ વર્ગ ના લોકો પોતાના સામાજીક અને આર્થિક વ્યવહારો જાળવી શકતા હોય છે.

ક્યારેક કોઈ કારણોસર વ્યક્તિઓ ઈર્ષા ,અદેખાઈ, ખોટા કાર્યો વગેરેને કારણે સમાજમાં અળખામણા પડી જાય છે ,અને તે લોકો અંદર અંદર વેર ઝેર ભરેલા જીવન પણ જીવતા હોય છે તેનું જીવન ઘણું સંકુચિત હોય છે.

જીવનમાં આગળ વધવા માટે હંમેશા પ્રગતિ તરફ દ્રષ્ટિ રાખે, ટૂંકી દ્રષ્ટિ નો ત્યાગ કરી ,સરવાળા, બાદબાકી ,ભાગાકાર વગેરે જેવા સંબંધોને મર્યાદિત કરીને પોતાની દ્રષ્ટિથી જીવનને આગળ વધારો એ દરેક માણસે વ્યક્તિગત રીતે વિચાર કરી અને સંબંધો સથાપિત કરવાથી સમાજમાં સારું જીવી શકાય.

રતીલાલ વાયડા.દ્વારકા.

---

આગળ નહી, પાછળ નહી, જમણે નહી, ડાબે નહી,
મારા સમયને ટેવ છે કે ચાલવું સાથે નહી
મેં એટલે એ શખ્સથી રાખ્યું હતું અંતર સદા
આકાશમાં રહેવું હતું પણ સૂર્યની પાસે નહી
આ ડરની સાથે રોજ થઉં છું એ ગલીમાંથી પસાર
ઉઘડે નહી બારી કોઈ, ને કોઈ બોલાવે નહી
એવાય મિત્રો હોય છે કે જેમને કહેવું પડે
સાથે ભલે આવો નહી પણ આવતા સામે નહી
જ્યાં મેં કહ્યું સદ્દભાગ્યને, મારું ય ઘર પાસે જ છે,
એણે કહ્યું તરત જ, ફરી ક્યારેક પણ આજે નહી
જીવતેજીવત મારી બધી ચરબી ઉતરવી જોઈએ
અંતે બિચારા ચાર જણ મારા લીધે થાકે નહી



ભાવિન ગોપણી
અમદાવાદ

## ગઝલ

વિચારોમાં હતાં મતભેદ બીજું કંઈ જ નહોતું
હતી સંવેદનાઓ કેદ બીજું કંઈ જ નહોતું
અડ્યું ના કોઈ તો પણ આ ઘડો ખાલી થયો કાં ?
પડ્યું 'તું કાળક્રમથી છેદ બીજું કંઈ જ નહોતું
ઘણો આગળ વધેલો જણ પતન પામ્યો પછી કાં ?
હતો અભિમાનરૂપી મેદ બીજું કંઈ જ નહોતું
તફાવત સંત 'ને મારાંમાં બહુ જોયો નથી મેં
ભણ્યો નહોતો ફકત હું વેદ બીજું કંઈ જ નહોતું



અભિજીત પંડ્યા
( ભાવનગર )

# અમદાવાદની સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટદ્વારા આરોપીને ભાગેડુ જાહેર કરાયા

અમદાવાદ શહેરના માધવપુરા પોલીસ સ્ટેશનની અખબારી યાદી અનુસાર આરોપી રામકિશોર રામલાલ કોરિયા(રહે-અંબિકા મોલ્ડીંગ તાવડીપુરા પોસ્ટ ઓફિસની સામે, અમદાવાદ) સામે ઈન્ડિયન પીનલ કોડ – ૩૬૩,૩૬૬ અન્વયે ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીનું મુળ ગામ –લખાઈકા પૂર્વા. તા.સુલ્તાનપુર, જિલ્લો- ફૈઝાબાદ,ઉત્તર પ્રદેશ છે. આ યાદી અનુસાર નામદાર સેશન્સ કોર્ટ -૧૭ દ્વારા ક્રિમિનલ કેસ નંબર૯૨/ ૧૯૯૭,માધવપુરા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં- ૧૪૫/૧૯૯૬અન્વયે વોરંટની બજવણી માટે પોલીસ સ્ટેશન ખાતે મોકલ્યું હતું, જેના આધારે પોલીસે અમદાવાદ ખાતેના સરનામે અને તેના મુળ વતન જઈ તપાસ કરતા ન મળતા વોરંટની બજવણી થઈ શકી ન હતી. આરોપી પોતાની ઓળખ છુપાવી સંતાતો ફરતો હોઈ નામદાર સેશન્સ કોર્ટે સદર આરોપી વિરુદ્ધમાં સી.આર.પી.સીની કલમ -૮૨ મુજબની કાર્યવાહી કરી જાહેરનામું બહાર પાડ્યું છે.આ જાહેરનામાની વ્યાપક પ્રસિદ્ધ કરવા માટે યાદીમાં વધુમાં જણાવાયું છે.

# પર્યુષણ પર્વનો છટ્ઠો દિવસ - વાર્ષિક ૧૧ કર્તવ્યો



૧. સંઘ પૂજા : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના તીથકર ભગવંતો કરે છે અને તેઓ ખુદ પણ શ્રી સંઘને નમસ્કાર કરે છે. શ્રી સંઘની યશાશક્તિ પૂજા કરવી જોઈએ.

૨. સાધર્મિક ભક્તિ: સાધર્મિકના આધારે જ ધર્મ ટકે છે. તેથી તેમની ભક્તિ વિશેષ પ્રકારે કરવી જોઈએ. ત્રાજવાનાં એક પલ્લામાં જીવનમાં કરેલો તમામ ધર્મ મૂકવામાં આવે અને બીજા પલ્લામાં સાધર્મિક ભક્તિ મૂકવામાં આવે તો સાધર્મિક ભક્તિનું પલ્લું નમી જાય છે.

૩. યાત્રા ત્રિકઃ ત્રણ પ્રકારની યાત્રા કરવી જોઈએ. અષ્ટનિકા યાત્રા એટલે જિનેશ્વર પ્રભુની ભક્તિ સ્વરૂપ અઠ્ઠાઈ ઉત્સવ વગેરે. રથયાત્રા એટલે સુશોભિત રથમાં પ્રભુને બિરાજમાન કરી સામૂહિક શોભાયાત્રા કરવી અને તીથયાત્રા એટલે વિધિપૂર્વક સ્થાવર તીથની યાત્રા.

૪. સ્નાત્ર મહોત્સવ: તીથકર પરમાત્માનો જન્મ થાય છે ત્યારે દેવો મેરૂ પર્વત પર જઈને પરમાત્માના જન્મ મહોત્સવની ઉજવણી કરે છે. મેરૂ શિખર પર દેવોએ પ્રભુને કરેલ અભિષેકની પ્રતિકૃતિ સ્વરૂપ સ્નાત્ર મહોત્સવ કરવો તે શ્રાવક- શ્રાવિકાનું કર્તવ્ય છે.

૫. દેવદ્રવ્યની વૃદ્ધિ ધનની આસક્તિ ઓછી થાય તે માટે દેવની ભક્તિ સ્વરૂપે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી. દેવદ્રવ્યનો ઉપયોગ જિનાલય તેમ જ જિનપ્રતિમા માટે જ કરી શકાય છે.

૬. મહાપૂજા : ઉત્તમ દ્રવ્યોથો જિનેશ્વર પ્રભુને વિશિષ્ટ રીતે મહાપૂજા કરવી. મહાપૂજામાં જિનાલયને શણગારવામાં આવે છે.

૭. રાત્રિ જાગરણ : ભગવાનના કલ્યાણક દિવસો, ગુરૂનિર્વાણ દિન કે મોટી તપસ્યા વગેરેના નિમિત્તે રાત્રિ જાગરણ કરવું જોઈએ. રાત્રિજાગરણ દરમિયાન માત્ર પરમાત્મભક્તિ કરવી જોઈએ. ૮. શ્રુતભક્તિ : શ્રુત ભણવું, ભણાવવું, લખવું કે લખાવવું આદિ શ્રુતભક્તિ છે.

૯. ઉદ્યાપન તપના અનુષ્ઠાન દ્વારા આત્મામાં પ્રગટેલા આનંદની અભિવ્યક્તિ રૂપે ઉત્તમ ધાર્મિક ઉપકરણો વડે ઉદ્યાપન કરવું. ૧૦. તીથ પ્રભાવના વિશિષ્ટ તીર્થોમાં સંપત્તિનો સદવ્યય કરવો તે તીથ પ્રભાવના છે.

૧૧. આલોચના: વ્રત, નિયમ, ધર્મક્રિયા દરમિયાન થયેલ અવિધિ, આશાતના કે ખંડન થયું હોય તેનું પ્રાયશ્ચિત કરવું.

આ વાર્ષિક ૧૧ કર્તવ્યો શ્રાવક જીવનના શણગારરૂપ છે. જેનાથો ધર્મના વિવિધ ક્ષેત્રો પણ જાગર થાય છે.

લેખક : શ્રી અતુલકુમાર વ્રજલાલ શાહ (સીએ)



ગાંધીનગર મહાનગર પાલિકા ના પેનલ એડવોકેટ તરીકે નગર ના જાણીતા એડવોકેટ,નોટરી શ્રી વસંત વ્યાસ નિમણુક કરવામાં આવી.ગાંધીનગર બ્રહ્મ સમાજ નું ગૌરવ...ખૂબ ખૂબ અભિનંદન

# ગણપતિ પૂજનનું મહત્વ




કોઈપણ દેવતાની પૂજા કરતી વેળાએ પહેલાં શ્રી ગણપતિપૂજન કરવાનું મહત્ત્વ

પૂજાસ્થાન પર અન્ય દેવતાઓ શ્રી ગણપતિની અનુમતિ વિના કોઈપણ દિશામાંથી આવી શકતા નથી; તેથી કોઈપણ મંગળકાર્ય અથવા અન્ય કોઈપણ દેવતાની પૂજા કરતી વેળાએ પ્રથમ શ્રી ગણપતિપૂજન કરે છે. શ્રી ગણપતિ એકવાર દિશાઓ ખુલ્લી કરી આપે પછી જે દેવતાની આપણે પૂજા કરીએ છીએ તે ત્યાં આવી શકે છે. એને જ 'મહાદ્વારપૂજન' અથવા 'મહાગણપતિપૂજન' એવું કહેવાય છે.

શ્રી ગણપતિનું કાર્ય અને વિશિષ્ટતાઓ

વિઘ્નહર્તા: વિઘ્નહર્તા હોવાથી લોકનાટ્યથી માંડીને વિવાહ સુધીના, તેમજ ગૃહપ્રવેશ ઈત્યાદિ બધી વિધિઓના આરંભમાં શ્રી ગણેશપૂજન હોય છે.

પ્રાણશક્તિ વધારનારા: માનવીના શરીરમાંના જુદા જુદા કાર્યો જુદી જુદી શક્તિઓ દ્વારા થતા હોય છે. (આ જુદી જુદી શક્તિઓ વિશેનું વિવરણ (માહિતી) સનાતનના 'આધ્યાત્મિક ઉન્નતિ માટે હઠયોગ' આ ગ્રંથમાંના 'પ્રકરણ ૬. પ્રાણાયામ' આપ્યું છે.) તે જુદી જુદી શક્તિઓની મૂળભૂત શક્તિને 'પ્રાણશક્તિ' એમ કહેવાય છે. શ્રી ગણપતિનો નામજપ પ્રાણશક્તિ વધારનારો છે.

વિવેકબુદ્ધિ નિર્માણ કરીને ચિત્ત શાંત કરનારા : ગણેશ એ બ્રહ્માંડમાંની દૂષિત શક્તિ આકર્ષિત કરી લેનારા છે, તેમજ માનવીની બુદ્ધિમાં વિવેક નિર્માણ કરનારા છે. શ્રી ગણેશની ઉપાસના કરવાને લીધે વિકલ્પશક્તિ પ્રભાવ પાડી શકતી નથી. બુદ્ધિ સ્થિર રહીને ચિત્ત શાંત રહે છે.

વિદ્યાપતિ : કોઈપણ વિષયનું જ્ઞાન પ્રથમ બુદ્ધિથી જ થતું હોય છે અને શ્રી ગણપતિ બુદ્ધિદાતા છે.

મહાભારત લખવા માટે મહર્ષિ વ્યાસને એક બુદ્ધિમાન લહિયો જોઈતો હતો. તે કાર્ય કરવા માટે તેમણે શ્રી ગણપતિની જ પ્રાર્થના કરી હતી.

નાદભાષા અને પ્રકાશભાષાનું એકમેકમાં રૂપાંતર કરનારાઃ માનવીની નાદભાષા હોય છે, જયારે દેવતાઓની પ્રકાશભાષા. શ્રી ગણપતિ નાદભાષાનું પ્રકાશભાષામાં અને પ્રકાશભાષાનું નાદભાષામાં રૂપાંતર કરનારા દેવતા છે; તેથી આપણે બોલીએ, તે નાદભાષા ગણપતિ સમજી શકે છે; એટલા માટે જ તે વહેલા પ્રસન્ન થનારા દેવ છે. અન્ય દેવતાઓ મોટા ભાગે પ્રકાશભાષા જ સમજી શકે છે.

જીવને જન્મ લેવાની અનુમતિ આપનારાઃ મહ (જન્મ લેનારો જીવ) ગણપતિની અનુમતિથી જન્મ લે છે.

બધા સંપ્રદાયોને પૂજ્ય: પ્રત્યેક સંપ્રદાયમાં ગણેશપૂજા છે. શૈવ સંપ્રદાયમાં શ્રી ગણપતિ એટલે શિવજીના પુત્ર અને શિવજીના મુખ્ય ગણ તરીકે જોવામાં આવે છે, જયારે વૈષ્ણવ સંપ્રદાયમાં તે અનિરુદ્ધ, વાસુદેવ ઈત્યાદિ રૂપોમાં જોવા મળે છે. શાક્ત સંપ્રદાયમાં (દેવી સંપ્રદાયમાં) દક્ષિણમાર્ગી અને વામમાર્ગી એમ બે પ્રકાર છે. બન્નેમાં શ્રી ગણેશપૂજન કરવામાં આવે છે. આ સંપ્રદાયમાં તે શક્તિગણપતિ, લક્ષ્મીગણપતિ એવાં વૈવાહિક રૂપોમાં દર્શાવવામાં આવે છે, તેમજ સ્ત્રીરૂપે પણ પૂજવામાં આવે છે. શ્રી ગણેશપૂજન જૈન પંથમાં પણ કરવામાં આવે છે. બૌદ્ધ પંથનો સ્વીકાર કરનારા સમ્રાટ અશોકની ચારુમતિ નામક પુત્રીએ નેપાળમાં શ્રી ગણેશમંદિર બંધાવ્યું. 'હેરંબ' નામથી પ્રસિદ્ધ પામેલા ત્યાંના શ્રી ગણેશ સિંહાસનાધિષ્ઠિત છે અને તેમને ૫ મસ્તક અને ૧૦ હાથ છે, એવો ઉલ્લેખ ગણેશસાહિત્યમાં જોવા મળે છે.

સંતોએ ગૌરવ કરેલા દેવતાઃ જુદા જુદા સાધનામાર્ગોમાંના સંત જુદી જુદી દેવતાઓના ઉપાસક ભલે હોય, છતાં બધા સંતોએ શ્રી ગણેશ પાસે કાલાવાલા કર્યા છે અને તેમનું સ્તવન અગત્યતાપૂર્વક કર્યું છે. સર્વ સંતો માટે શ્રી ગણેશ અતિશય પૂજનીય દેવતા છે. સંત તુલસીદાસે પણ 'રામચરિતમાનસ'માં પહેલાં શ્રી ગણેશસ્તવન કર્યું છે.

સંગીત અને નૃત્યમાં પ્રવીણ રહેલાઃ સ્વરબ્રહ્મનો આવિષ્કાર એટલે ઓંકાર. શ્રી ગણેશને પણ 'ઓંકારસ્વરૂપ શ્રી ગણેશા' એમ કહ્યું છે. શ્રી ગણેશ વરદસ્તોત્રમાંના અનેક શ્લોક પરથી ગણેશજીનો સંગીત સાથે રહેલો સંબંધ સ્પષ્ટ થાય છે. જ્ઞાનેશ્વર મહારાજ, સંત નામદેવ, સમર્થ રામદાસસ્વામી ઈત્યાદિ સંતોની અભંગરચના દ્વારા પણ ગણેશજીનો સંગીત સાથે આત્મીય સંબંધ ધ્યાનમાં આવે છે. નર્તક રૂપમાંની ગણરાયાની મૂર્તિઓ પણ જોવા મળે છે. સોનેરી દેહકાંતિ ધરાવતા આ ગણપતિને આઠ હાથ છે અને તેમનો ડાબો પગ પદ્માસનમાં છે, જ્યારે જમણો પગ અદ્ધર છે.

વાક્દેવતાઃ ગણેશ પ્રસન્ન થાય કે, વાક્સિદ્ધિ પ્રાપ્ત થાય છે. શ્રી ગણપતિ સાધનાને પ્રારંભમાં દિશાદર્શન કરવાનું કાર્ય કરે છે.

ગણેશતત્ત્વ આકર્ષિત કરનારી આકૃતિ-રચના

અધ્યાત્મશાસ્ત્રની દષ્ટિએ પ્રત્યેક દેવતા એટલે વિશિષ્ટ તત્ત્વ. ગણેશતત્ત્વ આકર્ષિત કરવા માટે જેવી રીતે ગણપતિને લાલ ફૂલ, દૂર્વા, શમીપત્રો (પાંદડાં), મંદારનાં પાન ઈત્યાદિ ચઢાવાય છે, તેવી જ રીતે કેટલીક આકૃતિ-રચનાઓને કારણે પણ ગણેશતત્ત્વ આકર્ષિત થવામાં સહાયતા થાય છે. ગણેશતત્ત્વને આકર્ષિત કરનારી એક આકૃતિ એટલે રંગોળી. રંગોળી, ગણપતિનું સુશોભન, તોરણ ઈત્યાદિમાં ઉપયોગમાં લેવાથી ગણેશતત્ત્વનો વધારેમાં વધારે લાભ થાય છે.

ગણેશતત્ત્વ આકર્ષિત અને પ્રક્ષેપિત કરનારી કેટલીક રંગોળીઓ

શ્રીગણેશની પૂજા, સંકષ્ટ ચોથ, ગણેશોત્સવ એવા પ્રસંગો દરમિયાન ઘેર અથવા દેવાલયમાં શ્રી ગણેશનું તત્ત્વ આકર્ષિત અને પ્રક્ષેપિત કરનારી સાત્ત્વિક રંગોળીઓ પૂરવી. તેને કારણે ત્યાંનું વાતાવરણ ગણેશતત્ત્વથી ભારિત થઈને તેનો બધાને લાભ થાય છે.

સાત્ત્વિક રંગ રંગોળીઓમાં પૂરવા; કારણકે આવા રંગોને કારણે રંગોળીની સાત્ત્વિકતા અધિક થવામાં સહાયતા થાય છે. રંગોળીની સાત્ત્વિકતા વધે કે, દેવતાનું તત્ત્વ વધારે પ્રમાણમાં આકર્ષિત થાય છે.

રંગોળીઓમાં અધિકતમ ૧૦ ટકા દેવતાનું તત્ત્વ લાવી શકાય છે. રંગોળી ભાવપૂર્ણ પૂરવાથી, આ તત્ત્વ પણ તે ભાવ ના પ્રમાણમાં વધશે.

સંદર્ભ :સનાતન સંસ્થાનો ગ્રંથ અને લઘુગ્રંથ 'શ્રી ગણપતિ'

સંપર્ક : ૯૭૨૬૬૪૪૩૮૫

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ મંડળી લિ.ના પ્રમૂખ પદે સતત બીજી વાર બિનહરીફ ચુંટાતા પ્રો. જયદીપસિંહ ડોડિયા

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધે અને સૌરાષ્ટ્રની ધરતી ને શોભે તેવી કામગીરી કરવા નવનિયુક્ત પદાધિકારીઓની પ્રતિબદ્ધતા.

સૌરાષ્ટ્ર યુનવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ મંડળી લિ ના નવનિયુકત કારોબારી સદસ્યોની એક બેઠક પદાધિકારીઓની ચૂંટણી કરવા માટે એમ. બી. એ. ભવનના વડા અને મેનેજમેન્ટ ફેકલ્ટીના પૂર્વ ડીન પ્રો. સંજય ભાયાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી.

આ બેઠકમાં તમામ કારોબારી સદસ્યો હાજર રહ્યા હતા. ગહન ચર્ચા વિચારણાના અંતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક ગ્રાહક અને ધિરાણ મંડળી લિ ના પ્રમુખ પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર ડૉ જયદીપસિંહ ડોડીયાની નિમણુક કરવામાં આવી હતી. આમ પ્રો. જયદીપસિંહ ડોડીયા પ્રમુખ પદે સતત બીજી વાર બિનહરીફ ચુંટાયા છે. તેમજ ઉપપ્રમુખ તરીકે ભૌતિક શાસ્ત્ર ભવનના સિનિયર પ્રાધ્યાપક ડૉ. જયંત એ ભાલોડિયા, મંત્રી તરીકે ગણિત શાસ્ત્ર ભવનના પ્રો. ડૉ. વિનોદરાય જે કનેરિયા, સહમંત્રી તરીકે મનોવિજ્ઞાન ભવનના વડા ડૉ યોગેશ જોગસણ તેમજ ખજાનચી તરીકે રસાયણ શાસ્ત્ર ભવનના પ્રાધ્યાપક ડૉ રંજન ખૂંટની સર્વાનુમતે વરણી કરવામાં આવી. મંડળીના ખજાનચી પદે બે નવનિક્યુક્ત મહિલા કારોબારી સભ્યો પૈકી હોમસાયન્સ ભવનના પ્રાધ્યાપક ડૉ રેખાબા જાડેજાએ ખજાનચી પદે ડૉ રંજન ખૂંટના નામ ની દરખાસ્ત કરી હતી જે સર્વાનુમતે સ્વીકારવામાં આવેલ. અત્રે ઉલ્લખનીય છે કે છેલ્લા તેત્રીસ વરસ થી મંડળી ના કારોબારી સભ્યો અને તમામ હોદ્દેદારો બિનહરીફ ચુંટાતા રહ્યા છે. છેલ્લા ત્રણ દાયકામાં ક્યારેય ચૂંટણી યોજવાની નોબત આવી નથી જેનો સંપૂર્ણ શ્રેય આ સહકારી મંડળી નું હિત જેમના હૈયે વસેલું છે તેવા તમામ સભાસદો ને ફાળે જાય છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ મંડળી ના નવનિયુક્ત હોદ્દેદારોને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ નિતીનભાઈ પેથાણી અને ઉપકુલપતિ ડૉ વિજયભાઈ દેશાણી એ અભિનંદન પાઠવ્યા છે તેમજ નવનિયુક્ત હોદ્દેદારોએ પોતાના કાર્યકાળ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધે અને સૌરાષ્ટ્રની ધરાને શોભે તેવી કામગીરી કરવાની પ્રતબધ્ધતા વ્યક્ત કરી છે

## બાહ્ય પદાર્થોને બાળકોથી દૂર અથવા તેઓ પહોંચી ન શકે તેવા અંતરે રાખવા સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ ડો. રાકેશ જોષીની સલાહ

# બાળકના મોટા અને નાના આંતરડાના બંન્ને છેડે સ્ક્રુ ચોંટીને ફસાઇ ગયો : સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જનોએ ભારે જહેમત ઉપાડી સ્ક્રુ દૂર કર્યો



નાના બાળકો રમત રમતમાં કેટલીક વખત ભૂલથી કોઇ વસ્તુ ગળી જતા હોય છે. જે તેને મોટી મુશકેલીમાં પણ મૂકી દે છે. આવા ઘણા કિસ્સાઓ આપણી સમક્ષ આવ્યા છે. જો આ પ્રકારના કિસ્સામાં તકેદારી રાખવામાં ન આવે અને સત્વરે સચોટ સારવાર ના મળે તો મોટી હાનિ થવાનો ભય પણ રહેલો હોય છે.

અમદાવાદના ચાંદલોડીયા વિસ્તારમાં રહેતા અને સુથાર કામ કરતા રામકલાલ ચૌહાણના બાળક સાથે કંઈક આવું જ બન્યું. તેમનો ૨ વર્ષનો બાળક પિયુષ ઘરમાં રમતા-રમતા કેટલીક વસ્તુઓ ગળી ગયો. જેના કારણે તેને સમયાંતરે ઉલ્ટીઓ થવાની શરૂ થઇ.જેને તેમના માતા-પિતાએ નઝરઅંદાજ કરીને સામાન્ય દવાઓ આપી. હવે જ્યારે પિયુષને સતત શરદી અને ઉધરસ રહેવા લાગી ત્યારે તેના માતા-પિતા ખાનગી હોસ્પિટલમાં તેને સારવાર અર્થે લઇ ગયા.

ખાનગી હોસ્પિટલના તબીબોએ એક્સ-રે કરાવતા પિયુષ ત્રણ થી ચાર વસ્તુઓ ગળી ગયો હોવાનું જાણવા મળ્યું.ત્યાંના સર્જનોએ એન્ડોસ્કોપી કરતા નાની ચેઇન અને ટાંકણી તેના પેટમાં હોવાની જાણ થઇ. જે ખાનગી તબીબોએ સર્જરી કરીને દૂર કરી. પરંતુ આ બંને વસ્તુની સાથે સ્ક્રુ પણ તેના પેટમાં હતા. જેણે તબીબોને પણ આશ્ચર્યમાં મૂકી દીધા. જેની સર્જરી કરવી ખાનગી તબીબો માટે જોખમ ભરેલી અને ખર્જાળ પણ હોવાથી સામાન્ય વર્ગના પરિવાર માટે અશક્ય બની રહી હતી. જેથી પિયુષના માતા-પિતા તેને સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઇ આવ્યા.

સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગમાં જ્યારે પીયુષને લાવવામાં આવ્યો ત્યારે અહીંના તબીબોએ પણ વિવિધ રીપોર્ટસ કરાવ્યા. રીપોર્ટના આધારે સ્ક્રુ ચોક્કસ પણે ક્યાં ફસાયેલા છે તે જોવાનો પ્રયત્ન કર્યો. તબીબોના અનુભવના આધારે આ સ્ક્રુ લગભગ ૬ થી ૮ મહિનાથી આંતરડામાં ચોંટી ગયો હશે તેવું અનુમાન લગાવવામાં આવ્યું. ૨ વર્ષના બાળકના બંને આંતરડા વચ્ચે ફસાયેલા સ્ક્રુને સર્જરી દ્વારા દૂર કરવું પડકારભરેલું હતું.

આ તમામ પડકારભરેલી પરિસ્થિતિઓ જોતા સિવિલ હોસ્પિટલ બાળરોગ વિભાગના વડા અને સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી અને તેમની ટીમે પિયુષને આ પીડામાંથી મુક્ત કરવાનું બીડુ ઉપાડ્યુ. તેઓએ એનેસ્થેસિયા વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કિરણ પટેલ અને તેની ટીમના સહયોગથી આ સર્જરી હાથ ધરી.

સર્જરી દરમિયાન તબીબોને આશ્ચર્યમાં મૂકે તે બાબત એ હતી કે, સ્ક્રુનો આગળનો ભાગ મોટા આંતરડામાં જ્યારે પાછળનો અણીદાર ભાગ નાના આંતરડા વચ્ચે ચોંટી ગયો હતો. આ સર્જરી દરમિયાન ખૂબ જ ચોકસાઇ વર્તવાની જરૂર હતી. સર્જરી બાદ આંતરડામાં રૂઝ ન આવે અને ટાંકા તૂટી જાય તો પિયુષનો જીવ જોખમમાં મુકાવવાની શક્યતાઓ રહેલી હતી. પરંતુ નિષ્ણાંત તબીબોની ટીમે ફરી એક વખત પોતાની નિપુણતા અને કૌશલનો પર્ચો બતાવ્યો અને પિયુષના આંતરડામાંથી સ્ક્રુ દૂર કર્યો,

સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી આ સર્જરીની જટીલતા સમજાવતા કહે છે કે, સામાન્ય રીતે બાળકોમાં ઘણી વખત સિક્કા, પીન, ચાવી, બટન , નાના રમકડા, પથ્થર અને સ્ક્રુ જેવા બાહ્ય પદાર્થો ગળી જવાના કિસ્સા અમારી પાસે આવ્યા છે. બાળક જ્યારે કોઇ બાહ્ય પદાર્થ ગળી જાય ત્યારે તે પ્રથમ નાના આંતરડામાં પ્રવેશે છે ત્યાં થઇને મોટા આંતરડામાં પહોંચી મળમાર્ગથી બહાર નીકળી જાય છે. ઘણી વખત ખોરાકની સાથે મિશ્ર થઇને મળમાર્ગ દ્વારા પણ નીકળી જવાની ઘટનાઓ અમે જોઇ છે. પરંતુ પીયુષના કિસ્સામાં સ્ક્રુના ઉપરનો ભાગ નાના આંતરડામાં પ્રવેશ્યો અને ત્યારબાદ તે મોટા આંતરડા અને નાના આંતરડા બંને વચ્ચે ચોંટી જઇ ફસાઇ ગયુ હશે તેવું અમારૂ અનુમાન છે. જે કારણોસર તેને બહાર નીકળવાનો માર્ગ અશક્ય બની રહ્યો.જે કારણોસર તેની સર્જરી કરવી અનિવાર્ય બની રહી હતી.

ડૉ. રાકેશ જોષીએ દરેક માતા-પિતાને ઘરમાં આવા બાહ્ય પદાર્થો બાળકથી દૂર રાખવા અથવા બાળક પહોંચી ન શકે તેવા અંતરે રાખવા સલાહ આપી છે. ઘણી વખત તકેદારી જ તમને મોટી હાનિમાંથી બચાવી શકે છે તેવું તેમણે ઉમેર્યુ હતુ.

અમિતસિંહ ચૌહાણ

## નમો એપનું વ્યાપક અને વિક્રમસર્જક અમલીકરણ અંગે

# નોમો એપ ડાઉનલોડ અભિયાન સુરત જિલ્લાના શ્રી કેદારેશ્વર મંદિર બારડોલી ખાતે યોજાયું



ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૧માં જન્મ દિવસ નિમિત્તે નમો એપનું વ્યાપક અને વિક્રમસર્જક અમલીકરણ અંગે નોમો એપ ડાઉનલોડ અભિયાન સુરત જિલ્લાના શ્રી કેદારેશ્વર મંદિર બારડોલી ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતા હેઠળ યોજાયો હતો.

નમો એપના ડાઉનલોડ સંમેલન કાર્યક્રમમાં સુરતના પ્રભારીશ્રી ભરતભાઈ રાઠોડ,સુરત જિલ્લા પ્રમુખશ્રી સંદિપભાઈ દેસાઇ,સુરત જિલ્લા મહામંત્રીશ્રીઓ શ્રી યોગેશભાઈ પટેલ,શ્રી દિપકભાઇ વસાવા ,લોકસભાના સાંસદશ્રી પ્રભુભાઇ વસાવા,સુમુલ ડેરીના ચેરમેનશ્રી માનસિંહભાઇ પટેલ,કેબિનેટ મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમાર,સુરત જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાવેશભાઇ પટેલ, મહુવા વિધાનસભાના ધારાસભ્યશ્રી મોહનભાઇ ધોડિયા,કામરેજના ધારાસભ્યશ્રી વી.ડી ઝાલાવડીયા,ચોર્યાસી બેઠકના ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ સહિત ભારતીય જનતા પાર્ટીના સુરત જિલ્લાના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## કૃષિ ક્ષેત્રમાં ઉદ્યોગનાવિસ્તૃતીકરણ ઈચ્છતા માટેની તક

# ખાદ્ય અને કૃષિ સંલગ્ન વ્યવસાયના ઉદ્યોગ સાહસિકો વ્યવસાય વિસ્તૃતીકરણ માટે પ્રસૂન પ્રોગ્રામ હેઠળ રૂ. ૨૫ લાખની સહાય મેળવી શકશે

જો તમે નવી ટેકનોલોજી દ્વારા ઉત્પાદન કરો છો અથવાઈનોવેટીવપદ્ધતિથીકૃષિ સમસ્યાનું સમાધાન કર્યું હોય તેવું સફળ સ્ટાર્ટઅપ ચલાવો છો અને તમે વ્યવસાયનું વિસ્તૃતીકરણ ઈચ્છો છો તો તમે ભારત સરકારની કૃષિ વિકાસ યોજના- રફતારમાં ''પ્રસૂન''સ્ટાર્ટઅપ એગ્રીબિઝને સઈક્યુબેશનપ્રોગ્રામહેઠળરૂ. ૨૫ લાખ સુધી સહાય મળી શકે છે.

આ પ્રોગ્રામ હેઠળ જે ઉમેદવારોની અરજીઓ મંજૂર થશે તેમને ૨ માસની કૃષિ - ઉદ્યોગ સાહસિકતા ની તાલીમ, ઉદ્યોગો અને શૈક્ષણિક નિષ્ણાતો તરફથીટેકનિકલ અને વ્યવસાયી માર્ગદર્શન અને વર્લ્ડ ક્લાસ રિસર્ચ લેબોરેટરીમાં પ્રયોગો કરવાની તક મળશે.

આ અંગે અરજદાર ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી વેબસાઈટ www.AAUincubator.in…h જઈ ઓનલાઈન અરજી કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયો એનર્જી મહાવિદ્યાલયમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ પ્રવૃત્તિને વેગ આપવા એગ્રી એન્ડ ફૂડ બિઝનેસ ઈક્યૂબેટરની સ્થાપના કરવામાં આવી છે.



ભારતીય જનતા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કેળવણી કળશ ,જવાહર વિદ્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ તથા ધારાસભ્ય શ્રી ઝંખના બેન પટેલ કેળવણી મંડળ ના પ્રમુખ શ્રી બળવંતસિંહ સોલંકી અને એલ એન્ડ ટી ના ,અતીક દેસાઇ,શ્રી અનીલ બોન્ટાડકા સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




દર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ મારુતી મિત્ર મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિતે મારુતી ચોક હનુમાનપરા માં ગણપતી બાપ્પા ની પધરામણી કરવામાં આવી હતી. જેમાં, ચકુરભાઈ સોલંકી,કોળી સેના ના રણછોડભાઈ મકવાણા,બાબુભાઈ મકવાણા, રાકેશભાઈ શિયાળ, કાનજીભાઈ મકવાણા, નાગજીભાઈ ચાવડા, સંજયભાઈ બારીયા,રમેશ મકવાણા અને અન્ય અગ્રણીઓ એ હાજરી આપી હતી.

# માજી સૈનિક સેવા ફાઉન્ડેશન દ્વારા પોલીસ દમનના વિરોધમાં તા:૦૯/૦૯/૨૦૨૧ના રોજ ગુજરાત બંધનું એલાન

ગુજરાત માજી સૈનિક સંગઠન દ્વારા તારીખ ૨૯/૦૮/૨૦૨૧ ના રોજ ગામ- પાદરડી જીલ્લો- જુનાગઢમાં ચાલુ સર્વીસ ભારતીય સેનામાં ફરજ બજાવતા શ્રી કાનાભાઇ ગોવિંદભાઇ કેશવાળાને ત્યાની સ્થાનિક પોલીસ દ્વારા બેરહમીથી જાહેરમાં ઢોર માર મારવામાં આવેલ છે તેનો અમો સમગ્ર ગુજરાતના માજી સૈનિકો,વીર નારીઓ અને એમના પરિવાર ઘોર વિરોધ નોંધાવ્યે છીએ આવી રીતે કોઈને પણ મારવાનો અધિકાર નથી આ બાબતનો વિડિયો સહિત આવેદન પત્ર અપવામાં આપેલ છે તેમ છતા આજદિન સુધી જે પણ પોલીસ વાળા સજાને પાત્ર છે એમને સજા કરવામાં આવેલ નથી તે ખુલે આમ દબંગાઈથી ફરી રહ્યા છે. જવાનો પોતાનુ સર્વસ્વ બલીદાન આપી અને દેશની સેવા કરે છે,રક્ષણ કરે છે જો એમની સાથે આવુ બરબર્તા ભર્યુ વર્તન કરવામા આવે એ કેમ સહી લેવાય?

સમગ્ર ગુજરાતના માજી સૈનિકો,વીર નારીઓ પરિવાર સહિત તારીખ ૦૯/૦૯/૨૦૨૧ ને ગુરૂવારે ના રોજ એસ.પી. કચેરી,જુનાગઢ ખાતે દોષીઓને નોકરીમાથી બરખાસ્ત કરી સજા મળે એવી માંગ સાથે ગાંધી ચિંધ્યા માર્ગે અનશન પર બેસવાના છીએઆ અન્યાય સામેની લડાઈમાંઅમો સમગ્ર ગુજરાતની જનતાને,વેપારી એસોસીએશનને,ટ્રાંસપોર્ટ એસોસીએશનને તેમજ અન્ય તમામ એસોસીએશનોને આ દિવસે ગુજરાત સજડ બંધ પાળવા નમ્ર વિનંતી કરીએ છીએ જો આપ ખરેખર ભારતીય સેનાને પ્રેમ કરો છો તો આ જવાનને ન્યાય અપાવવા ગુજરાત માજી સૈનિક સંગઠન સાથે સહકાર આપશો

# ઉદ્યોગ સાહસિકોને "પલ્લવ" પ્રોગ્રામ હેઠળ રૂ. ૫ લાખ સુધીની સહાય મળી શકશે


જો તમારી પાસે ઈનોવેટિવ વિચાર અને નવી ટેકનોલોજી દ્વારા કૃષિ ઉત્પાદન અને કૃષિ સમસ્યાનું સમાધાન કરવાની ઈચ્છાશક્તિ હોય અને તે અંગે કોઈ બિઝનેસ આઈડિયા હોય તો તમને ભારત સરકારની કૃષિ વિકાસ યોજના- રફતારમાં ''પલ્લવ''એગ્રીપ્રિન્યોરશીપ ઓરિએન્ટેશનપ્રોગ્રામ હેઠળરૂ. ૫ લાખ સુધી સહાય મળી શકે છે.

આ પ્રોગ્રામ હેઠળ જે ઉમેદવારોની અરજીઓ મંજૂર થશે તેમને ૨ માસની કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતા તાલીમ, ઉદ્યોગો અને શૈક્ષણિક નિષ્ણાતો તરફથી ટેકનિકલ અને વ્યવસાયી માર્ગદર્શન અને વર્લ્ડ ક્લાસ રિસર્ચ લેબોરેટરીમાં પ્રયોગો કરવાની તક મળશે.

આ અંગે અરજદાર ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી વેબસાઈટ www.AAUincubator.inપર જઈ ઓનલાઈન અરજી કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયો એનર્જી મહાવિદ્યાલયમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ પ્રવૃત્તિને વેગ આપવા એગ્રી એન્ડ ફૂડ બિઝનેસ ઈક્યૂબેટરની સ્થાપના કરવામાં આવી છે.

## બ્રહ્મ સમાજનું ગૌરવ



શ્રી કિશોર ભાઈ ત્રિવેદી ની બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ના ચેરમેન તરીકે નિમણૂક થતાં બ્રહ્મ સમાજ નું ગૌરવ વધાર્યુ છે. સમસ્ત યુવા બ્રહ્મસમાજ - માણસા ગૌરવ ની લાગણી અનુભવે છે, આપ ઉતરોતર પ્રગતિ કરી સમાજ નું નામ રોશન કરો એવી મહાદેવ ને પ્રાર્થના.

જય મહાદેવ, જય પરશુરામ.

# માણાવદરમાં અનરાધાર સાત ઈંચ વરસાદે પાલિકાના પૂર્વ પ્રમુખ કારીયાના ઘરનો ભાગ વિધ્વંશ કર્યો



માણાવદર તાલુકામાં છેલ્લા બે દિવસથી વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે આ તાલુકાના મોટાભાગના ગામડાઓમાં ૫ થી ૭ ઈંચ જેવો વરસાદ પડ્યો હતો.કાલે પડેલા અનરાધાર સાત ઈંચ વરસાદને કારણે માણાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ છોટુભાઈ કારીયા જેમાં રહેતા હતા તે ઘરનો એક ભાગ કડડભૂસ થઈ ને પડી ગયો છે. મકાન બંધ હોવાથી કોઈ જાતની જાનહાની થઈ નથી

માણાવદરમાં હજી પણ જર્જરિત હાલતમાં ઉભેલા ઘણાં મકાનો છે અમુક તો રસ્તાને કાંઠે આવ્યા છે આવા મકાનો કુદરતી આફતોને કારણે જો ધરાશાયી થાય તો રસ્તે આવતાં જતાં લોકો અકસ્માતનો ભોગ બને તેમ છે આવા મકાનોને વેળાસર રીપેર અથવા પાડી નાખવા પાલિકાએ વારંવાર નોટિસ આપેલ છે પરંતુ તેની અમલવારી મકાન માલિક તરફથી થતી નથી. માણાવદરની તબેલા શેરીમાં આવેલ પૂર્વ પ્રમુખનું મકાન નવી કોઈ દુર્ઘટના સર્જે તે માટે જરૂરી પગલાં લેવા સંબંધિત વિભાગોના અધિકારીઓ આગળ આવી ઘટતું કરવા લોકોની માગણી ઉઠી છે કારણ કે આ મકાન જાહેર રસ્તા ઉપર હોવાથી ત્યાં અવાર- નવાર માણસોની અવરજવર રહે છે

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.